**ઑસ્ટ્રિયા ગણરાજ્યના ફેડરલ ચાન્સેલરની ભારત મુલાકાત (14-17 એપ્રિલ, 2026)**

**09 એપ્રિલ, 2026**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, ઑસ્ટ્રિયાના ફેડરલ ચાન્સેલર મહામહિમ ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર 14-17 એપ્રિલ 2026 દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાત લેશે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ આવશે જેમાં અર્થતંત્ર, ઉર્જા અને પર્યટન મંત્રી ડૉ. વોલ્ફગેંગ હટમાંસડૉર્ફર, વરિષ્ઠ અધિકારીઓ અને વ્યવસાયિક નેતાઓનો સમાવેશ થશે. ચાન્સેલર સ્ટોકરની આ પહેલી ભારત મુલાકાત હશે. આ તેમની એશિયાની પ્રથમ સત્તાવાર મુલાકાત પણ હશે.

2. આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ફેડરલ ચાન્સેલર ક્રિશ્ચિયન સ્ટોકર વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને મજબૂત કરવા પર ચર્ચા કરશે. તેઓ બહુપક્ષીય મંચોમાં સહયોગ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે. પ્રધાનમંત્રી મુલાકાતી મહાનુભાવના સન્માનમાં ભોજનનું આયોજન કરશે.

3. ફેડરલ ચાન્સેલર મહામહિમ ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર માનનીય રાષ્ટ્રપતિજી શ્રીમતી દ્રૌપદી મુર્મુ અને વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે.

4. ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચે ગાઢ, મૈત્રીપૂર્ણ અને બહુપક્ષીય સંબંધો છે, જે સહિયારા લોકશાહી મૂલ્યો પર આધારિત છે. જુલાઈ 2024 માં પ્રધાનમંત્રીની ઑસ્ટ્રિયાની અત્યંત સફળ મુલાકાતે બંને દેશો વચ્ચેના સમકાલીન સંબંધોને નોંધપાત્ર રીતે ઉન્નત બનાવ્યા. ફેડરલ ચાન્સેલર સ્ટોકરની મુલાકાત બંને દેશોની પરસ્પર હિતના નવા ક્ષેત્રોમાં ભાગીદારીને વધુ ગાઢ અને વિસ્તૃત કરવાની સહિયારી પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે.

**નવી દિલ્લી**

**09 એપ્રિલ, 2026**